E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)
* Volume : 10 * Issue No. 324 * Date: 14.09.2024,Saturday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# દહેગામના વાસણા સોગઠી ગામે ગણેશ વિસર્જન સમયે ડૂબી જતા ૮લોકોના મોત



ગાંધીનગરના દહેગામ તાલુકાના વાસણા સોગઠી ગામ પાસે મેશ્વો નદીમાં ગણેશવિસર્જન સમયે ૮ યુવાનો ડૂબી જતા શોકનો માહોલ છવાયો છે. વાસણા સોગઠી ગામમાં જ રહેતા યુવકો આજે ગણેશ વિસર્જન માટે ગયા હતા ત્યારે અકસ્માત નદીમાં ડૂબી જતાં ૮ યુવકોના મોત નિપજ્યા હતા. રાજયમાં છેલ્લા ૬ દિવસમાં ગણેશવિસર્જન દરમિયાન બનેલી આ ચોથી દુર્ઘટના છે, જેમાં કુલ ૧૫ લોકોનાં મોત નીપજી ચૂક્યાં છે. બુધવારે પાટણની સરસ્વતી નદીમાં ડૂબી જતા ચાર લોકોના, જૂનાગઢમાં એક વ્યકિતનું અને નડિયાદમાં બે લોકોના મોત નિપજ્યા હતા.દહેગામના વાસણા સોગઠી ગામ પાસેથી પસાર થતી મેશ્વો નદીમાં આજે ગણેશવિસર્જન સમયે જ ૮ લોકો ડૂબતા દોડધામ મચી હતી. ઘટનાની જાણ થતા ફાયરબ્રિગેડના જવાનો અને સ્થાનિક તહેવારો ઘટનાસ્થળે દોડી આવ્યા હતા અને શોધખોળ હાથ ધરી હતી. શરૂઆતમાં ૫ યુવકોના મૃતદેહ મળી આવ્યા બાદ થોડીવાર પછી અન્ય ત્રણ યુવકોના પણ મૃતદેહ મળી આવ્યા હતા.દહેગામના વાસણા સોગઠી ગામ પાસેથી પસાર થતી નદીમાં ૮ યુવકોના ડૂબી જવાથી મોત થતા તેના પરિવારજનો અને ગ્રામજનો દોડી આવ્યા હતા. પોતાના પરિજનના મૃતદેહ જોઈ પરિવારજનોમાં આક્રંદ છવાયો હતો. પ્રાંત અધિકારી, ટીડીઓ, મામલતદાર, ડીવાયએસપી સહિતના અધિકારીઓ પણ ઘટનાસ્થળે પહોંચ્યા હતા.જિલ્લા કલેક્ટરે જણાવ્યું હતું કે, મૃતકો આઠેય લોકો એક જ ગામના અને એક જ ફળિયાના છે. ગણપતિ વિસર્જન સમયે આ થયું એવું પણ નથી પરંતુ આ છોકરાઓ ન્હવા ગયા હતા, જેમાંથી એક ડૂબી જતાં બાકીના લોકો એને બચાવવા જતાં તમામે ડૂબી જતાં મોત થયા છે. તમામના મૃતદેહ બહાર કાઢી લેવાયા છે. પી.એમ સહિતની આગળની કાર્યવાહી ચાલુ છે.

ડી ટી ગોહિલે જણાવ્યું કે, ગાંધીનગર જિલ્લાના દહેગામના વાસણા સોગઠી ગામમાં બપોરના ૨ વાગ્યે અહિં મેશ્વો નદીના ચેકડેમમાં ૯ યુવકો ન્હાવા માટે પડ્યા હતા. જેમાંથી એક યુવક નહ્યા બાદ ત્યા બાજુમાં ઉભો હતો. જે યુવકે અમને જણાવ્યું કે, જે યુવકો ન્હાવા પડ્યા હતા. તેમાંથી જશપાલ નામનો એક યુવક ડૂબી રહ્યો હતો. જેથી તેને બચાવવા અન્ય ૭ યુવકો ગયા હતા. જે તમામ પણ ડૂબી ગયા હતા. અત્યારે મળતી માહિતી મુજબ ૮ યુવકો ડૂબ્યા હતા. જે તમામના મૃતદેહ મળી આવ્યાં છે. જેના મૃતદેહને દહેગામના ઝઉંઝ સેન્ટર ખાતે મોકલવામાં આવ્યાં છે. પોલીસને જાણ થતાં જ રેસ્ક્યૂ માટેની ટીમને મોકલી આપવામાં આવી હતી. આજુબાજુના ગામમાંથી પણ તરવૈયાઓને બોલાવવામાં આવ્યાં હતા. અત્યારે દ્વઢ્ઢઈહ્મ અને જીદ્ઢઈહ્મની ટીમ પણ આવી ગઈ છે અને હજુ પણ જો કોઈ અન્ય યુવક ડૂબ્યો હોય તો તેની શોધખોળ ચાલુ રાખવામાં આવી છે.

મૃતકોના નામ (તમામ એક જ ગામના)

રાજેશસિંહ ચૌહાણ
ચિરાગસિંહ ચૌહાણ
જસપાલસિંહ ચૌહાણ
ધર્મેન્દ્રસિંહ ચૌહાણ
યુવરાજસિંહ ચૌહાણ
પૃથ્વીસિંહ ચૌહાણ
સિદ્ધરાજ ચૌહાણ
વિજયસિંહ સોલંકી



આમ આદમી પાર્ટીના સુપ્રીમો અરવિંદ કેજરીવાલને ૧૫૬ દિવસ જેલમાં રહ્યા બાદ જામીન પર છોડવામાં આવ્યા તેમાં આપ પાર્ટી એ સત્યની જીત બતાવી.



નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર,ગાંધીનગરના સહયોગથી અહમદપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને પાટણ (ઈજીઝ) ની મુલાકાતનું આયોજન કરવામાં આવેલ હતું.જેમાં શાળાના ધોરણ ૬ થી ૮ ના વિદ્યાર્થીઓને પાટણના મિની સાયન્સ સિટી,ડાયનાસોર પાર્ક અને સૂર્યમંદિરની મુલાકાત લેવામાં આવી.જેમાં વિદ્યાર્થીઓ વિજ્ઞાનમાં રસ લેતા થાય અને વિદ્યાર્થીઓમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસે તે માટે વિજ્ઞાનના વિવિધ પ્રોજેકટથી માહીતગાર કરવામાં આવ્યા.

## ધાર્મિક પર્વમાં જોડાઇને લોકો પોતાની આસ્થાની સાથોસાથ રોજગારી પણ મેળવી રહયા છે :- ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી

ગૃહ રાજયમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે વલસાડ જિલ્લાના ધરમપુર અને વલસાડ ખાતે ગણેશોત્સવના ગણેશ પંડાલોમાં ઉપસ્થિત રહી ભગવાન શ્રી ગણેશનાં પૂજન – અર્ચન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે ગૃહ રાજયમંત્રીશ્રીએ ધરમપુર ખાતેના આશરે ૨૦૦ વર્ષ જુના હેરિટેજમાં સ્થાન પામેલ અને ધરમપુર નગરજનોના આસ્થાના કેન્દ્ર સમાન શ્રી લક્ષ્મીનારાયણ મંદિરમાં ભગવાન શ્રી લક્ષ્મીનારાયણના દર્શન કરી પ્રજાની સુખ શાંતિ માટે પ્રાર્થના કરી હતી તેમજ મંદિરના ટ્રસ્ટીગણ સાથે આ હેરિટેજ મંદિરની માહિતી મેળવી અભિભૂત થયા હતા.

ઉપરાંત ધરમપુરના સુવર્ણજયંતી ઉજવી રહેલા શ્રી નવયુવક ગણેશમંડળના ગણેશ પંડાલની મંત્રીશ્રીએ મુલાકાત લઇ ભગવાન શ્રી ગણેશની પૂજન – અર્ચન કરી ગણેશમંડળને તેમની પ્રવૃત્તિ માટે અભિનંદન પાઠવ્યા હતા. વર્ષ - ૧૯૭૪માં શરૂ થયેલા આ ગણેશમંડળની મુલાકાત લઇ તેમના સ્થાપક ટ્રસ્ટીઓ ધર્મેન્દ્રસિંહ પરિહાર (ધર્મુદાદા), ગજેન્દ્રસિંહ રાવરાણા (નન્ના કાકા), સ્વ. ડોમનીક રોડ્રીગ્સ



(દુબીન કાકા), મુનીકુમાર મહેતા (મેહતાસાહેબ), સ્વ. દિનાનાથ મયેકર (દિનાનાથકાકા) એ ગણેશોત્સવ ઉજવવાની શરૂઆત કરી હતી એ ઘટનાને તાજી કરી હતી. આજે ત્રીજી પેઢીએ પણ ગણેશ પંડાલની ઉજવણીનો વારસો જાળવી રાખ્યો છે. શ્રી નવયુવક ગણેશમંડળના ગણેશ પંડાલની સાથે સંકળાયેલા ધાર્મિક –સામાજીક પ્રવૃતિમાં સહભાગી થતા કાર્યકરોની કામગીરીને મંત્રીશ્રી દ્વારા બિરદાવી તેમને પ્રોત્સાહિત કરાયા હતા. યુવા મોર્ચાના જૂના સાથીમિત્ર અને ધરમપુરના સંગઠન કાર્યકર શ્રી ગણેશભાઇ બીરારીના પિતાશ્રીના અવસાનના સમાચાર મળતા ખાસ એમના પરિવારને મળવા પહોંચેલા ગૃહ રાજયમંત્રીએ એમના ઘરે મુલાકાત કરી હતી અને પરિવારને સાંત્વના પાઠવી હતી. ધરમપુરની મુલાકાત બાદ મંત્રીશ્રીએ વલસાડ ખાતે વલસાડના ધારાસભ્ય શ્રી ભરતભાઇ પટેલના દાદીયા ફળિયા વિસ્તારના ગણેશપંડાલની મુલાકાત લઇ શ્રી ગણેશ ભગવાનની પૂજા અર્ચના કરી હતી. મંત્રીશ્રી એ જણાવ્યું હતું કે, ગણેશ પર્વ પર ગણેશ પંડાલોમાં મંડપ, લાઈટીંગ, ટ્રાન્સપોર્ટ, પૂજાવિધિ જેવી કામગીરીને કારણે ધાર્મિક પ્રવૃતિઓની સાથે સાથે લોકોને રોજગારીની પણ ભરપૂર તકો પૂરી પડે છે. આમ, ગણેશ પર્વ લોકો માટે ધાર્મિક લાગણીઓની સાથે રોજગારીનું પણ સાધન બની રહ્યુ હોવાનું મંત્રીશ્રીએ જણાવ્યું હતું. ત્યારબાદ મંત્રીશ્રીએ વલસાડ નગરના રામવાડીના ગણેશપંડાલની મુલાકાત લઇ શ્રી ગણેશ ભગવાનની પૂજા- અર્ચના કરી હતી.

મંત્રીશ્રીની આ મુલાકાત દરમિયાન વલસાડ સાંસદશ્રી ધવલભાઇ પટેલ, ધરમપુર ધારાસભ્યશ્રી અરવિંદભાઇ પટેલ, જિલ્લા સંગઠન પ્રમુખશ્રી હેમતભાઇ કંસારા, જિલ્લા સંગઠન મહામંત્રીશ્રીઓ મહેન્દ્રભાઇ ચૌધરી, શિલ્પેશ દેસાઇ, વલસાડ જિલ્લા કલેકટરશ્રી નૈમેષ દવે, જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ડૉ. કરણરાજ વાઘેલા અને સંબંધિત અધિકારીઓ પણ સાથે જોડાયા હતા.

## સાબરકાંઠા પોલીસવડાએ " તેરા તુજકો અર્પણ કાર્યક્રમ" અંતર્ગત ૬૬ અરજદારઓને રૂ.૩૧,૬૭,૧૮૭ મુદ્દામાલ પરત અપાવ્યો

ગુજરાત સરકારશ્રી દ્વારા પ્રજાલક્ષી વિવિધ કાર્યક્રમો પૈકી "તેરા તુજકો અર્પણ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા પોલીસ અધિક્ષક વિજય પટેલએ આજરોજ "તેરા તુજકો અર્પણ" કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જીલ્લાના પ્રજાજનોના ચોરાયેલ/ગુમ થયેલ મોબાઇલ/મુદ્દામાલ અરજદારોને પરત સોપવા આયોજન કરેલ જે અન્વયે અરજદારોના ચોરાયેલ /ગુમ થયેલ મોબાઇલ/મુદ્દામાલ અન્વયે જીલ્લાની એલ.સી.બી. તથા જીલ્લાની પોલીસે તપાસ કરી શોધી કાઢેલ જે કુલ-૬૮ મોબાઇલ કિ.રૂ.૧૩,૨૦,૬૮૭, મો.સા.-૨ કિ.રૂ.૫૨,૫૦૦/, ફોરવીલ-૩ કિ.રૂ.૧૪,૨૫,૦૦૦/- સોના ચાંદીના દાગીના કિ.રૂ.૨૫,૦૦૦/-, રિક્ષા-૨, કિ.રૂ.૩,૦૦,૦૦૦/-, લેપટોપ -૧ કિ.રૂ.૧૦,૫૦૦/- રોકડ રૂ.૩૩,૫૦૦/- વિગેરે મળી કુલ કિ.રૂ.૩૧,૬૭,૧૮૭/- નો મુદ્દામાલ તેરા તુજકો અર્પણ કાર્યક્રમ" અંતર્ગત ૬૬ અરજદારઓને પરત કરવામા આવેલ છે.




## જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બરથી ૩૧ ઓક્ટોમ્બર દરમિયાન "સ્વચ્છતા હી સેવા" ઝુંબેશ યોજાશે

'સાબરકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી રતનકંવર ગઢવી ચારણના અધ્યક્ષસ્થાને "સ્વચ્છતા હી સેવા" ઝુંબેશ અંતર્ગત વિવિધ સંસ્થાના પ્રતિનિધિઓ સાથે બેઠક કલેક્ટર કચેરી સભાખંડ ખાતે યોજાઈ હતી.

મહાત્મા ગાંધીજીના સ્વચ્છ ભારતના સ્વપ્ને સાકાર કરવા માટે આ કાર્યક્રમ યોજવામાં આવે છે. જિલ્લામાં ૧૭ સપ્ટેમ્બર થી ૩૧ ઓક્ટોમ્બર દરમિયાન "સ્વચ્છતા હી સેવા" ઝુંબેશ યોજાશે.આ ઝુંબેશ અંતર્ગત



જિલ્લામાં વિવિધ પ્રવૃતિઓ હાથ ધરવામાં આવશે. જેમાં કચરાના ઢગલાઓ/બ્લેક સ્પોટ શ્રમદાન પ્રવૃત્તિઓ, સ્વચ્છતામાં જન ભાગીદારી, સફાઈ મિત્ર સુરક્ષા શિબિર, સ્વચ્છતા રેલી અને સાંસ્કૃતિક કાર્યક્રમ, શ્રમદાન દિવસ, સિંગલ યુઝ પ્લાસ્ટિક જાગૃતા અભિયાન, કચરા થી કંચન વર્કશોપ, સ્વચ્છ સ્વાદ ગલીઓ, એક પેડ માં કે નામ, સ્વચ્છતા સંવાદ, સ્વચ્છ ગુજરાતની નવી પહેચાન, સ્વચ્છતાથી સ્વાસ્થ્ય તરફ, સ્વચ્છતા કલા પ્રતિયોગિતા,ડોર ટુ ડોર જાગૃતિ અભિયાનનો સમાવેશ થાય છે.

"સ્વચ્છતા હી સેવા" ઝુંબેશમાં સારી કામગીરી કરનારને રાજયસ્તરે શ્રેષ્ઠ ત્રણ જિલ્લાઓ, શ્રેષ્ઠ છ તાલુકાઓ અને શ્રેષ્ઠ પંદર ગામો તેમજ જિલ્લાસ્તરે શ્રેષ્ઠ તાલુકો અને શ્રેષ્ઠ પાંચ ગામોને પુરસ્કૃત કરવામાં આવશે.

'સ્વભાવ સ્વચ્છતા- સંસ્કાર સ્વચ્છતા થીમ હેઠળ સ્વચ્છતા હી સેવા અભિયાન થકી દેશ સ્વચ્છ અને આરોગ્યમય બને, સ્વચ્છ અને સ્વસ્થ સમાજની રચના થાય તે માટે લોકોની જન ભાગીદારી વધે તેમજ વિવિધ સંસ્થાઓ પણ આ અભિયાનમાં સક્રિય રીતે જોડાય તે માટે જિલ્લા કલેક્ટરશ્રી રતનકંવર ગઢવી ચારણે અનુરોધ કર્યો હતો. આ બેઠકમાં નિવાસી અધિક કલેક્ટરશ્રી ક્રિષ્ણા વાઘેલા સહિત વિવિધ સંસ્થાઓના પ્રતિનિધીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## તંત્રી લેખ.....

### ક્રિપ્ટોકરન્સીના સ્વીકારની દ્રષ્ટિએ ૧૫૦ દેશોમાં ભારત સતત બીજા વર્ષે આગેવાન

વિશ્વના ૧૫૦થી વધુ દેશોમાં ક્રિપ્ટોકરન્સીસ પ્રત્યે સૌથી વધુ આકર્ષણ ભારતમાં હોવાનું એક રિપોર્ટમાં જણાવાયું છે. વર્તમાન વર્ષના જુલાઈના અંતે સમાપ્ત થયેલા એક વર્ષમાં ભારત સતત બીજા વર્ષે ક્રિપ્ટોકરન્સીસના સ્વીકારની દ્રષ્ટિએ આગેવાન રહ્યું છે. અમેરિકામાં ફુગાવો નીચો આવતા બિટકોઈન સહિતની ક્રિપ્ટોસમાં ગુરુવારે ઉછાળો આવ્યો હતો. ક્રિપ્ટોસના કામકાજ પર ભારતમાં સખત નિયમનો અને ઊંચા ટેકસ દર હોવા છતાં રોકાણકારો આ રિસ્કી એસેટસમાં ઊંડો રસ ધરાવી રહ્યા છે. કેન્દ્રિત એકસચેન્જો અને વિકેન્દ્રિત ફાઈનાન્સ એસેટસના વપરાશમાં ૧૫૧ દેશોમાં ભારત ઊંચી રેન્ક ધરાવે છે. જૂન ૨૦૨૩થી જુલાઈ ૨૦૨૪ના એક વર્ષના ટ્રેન્ડસને રિપોર્ટમાં આવરી લેવાયો હતો.

## MP-UPમાં ૨૪ કલાકમાં 33નાં મોત:ગ્વાલિયરમાં સેનાએ ૩૦૦ લોકોને બચાવ્યા

દેશમાં ચોમાસું હજુ ૬ દિવસ સુધી રહી શકે છે. હવામાન વિભાગ (સ્થ્ઢ) એ કહ્યું કે દક્ષિણ-પશ્ચિમ ચોમાસું ૧૯ અને ૨૫ સપ્ટેમ્બરની વચ્ચે ચોમાસું ધીમું થઈ શકે છે. સામાન્ય રીતે ૧૭ સપ્ટેમ્બરથી ઉત્તર પશ્ચિમ ભારતમાંથી ચોમાસું ધીમું પડવાની શરૂઆત થાય છે.આ દરમિયાન, મધ્યપ્રદેશ અને ઉત્તર પ્રદેશમાં વરસાદ અને પૂર સંબંધિત ઘટનાઓમાં છેલ્લા ૨૪ કલાકમાં ૩૩ લોકોના મોત થયા છે. દેશના ૧૭ રાજ્યોમાં ભારેથી અતિભારે વરસાદનું એલર્ટ છે.મધ્યપ્રદેશના ગ્વાલિયર અને દતિયામાં સેના તૈનાત મધ્યપ્રદેશમાં ભારે વરસાદને કારણે ગ્વાલિયર, દતિયા, જબલપુર, ભીંડ, રાજગઢ, મોરેના, ટીકમગઢમાં પૂર જેવી સ્થિતિ છે. રાજ્યમાં ૨૪ કલાકમાં વરસાદના કારણે ૧૭ લોકોના મોત થયા છે. ગ્વાલિયર અને દતિયામાં બચાવ માટે તૈનાત સેનાએ ૩૦૦ લોકોને સલામત સ્થળે પહોંચાડ્યા હતા.ઉત્તર પ્રદેશના ૮ જિલ્લામાં શાળાઓ બંધ ઉત્તર પ્રદેશમાં ૨૪ કલાકમાં ૧૬૦ મીમી વરસાદ નોંધાયો હતો. દિલ્હી-આગ્રા હાઈવે પર ૪ ફૂટ સુધી પાણી ભરાઈ ગયા છે. તાજમહેલ કેમ્પસમાં પણ પાણી ભરાઈ ગયા છે. ફરુખાબાદ, એટા, પીલીભીત, જાલૌન, આગ્રા, કાનપુર, અલીગઢમાં ૧૨મી સુધીની શાળાઓમાં રજા જાહેર કરવામાં આવી હતી. વહીવટીતંત્રે કહ્યું કે ૨૪ કલાકમાં ૧૬ લોકોના મોત થયા છે.

# મુસ્લિમ પક્ષ શિમલા મસ્જિદનો ગેરકાયદે ભાગ હટાવવા તૈયાર, કહ્યું- અમે શાંતિ ઈચ્છીએ છીએ

હિમાચલ પ્રદેશ,

હિમાચલ પ્રદેશના શિમલાના સંજૌલીમાં આવેલી ગેરકાયદેસર મસ્જિદને લઈને ઘણો હોબાળો થયો હતો. મસ્જિદના ગેરકાયદે બાંધકામને લઈને હિંદુ સંગઠનો દ્વારા આંદોલન કરવામાં આવ્યું હતું, જેને ધ્યાનમાં રાખીને મુસ્લિમ મૌલવીનું નિવેદન સામે આવ્યું છે. તે કહે છે કે પરસ્પર પ્રેમ જાળવી રાખવા માટે અમે ગેરકાયદેસર ભાગ હટાવવાનો નિર્ણય કર્યો છે. જો અમને પરવાનગી મળશે, તો અમે તેને જાતે દૂર કરીશું. મુસ્લિમ પક્ષ તરફથી કમિશનરને એક પત્ર લખવામાં આવ્યો છે, જેમાં કહેવામાં આવ્યું છે કે હિમાચલ પ્રદેશમાં તમામ ધર્મ અને સમુદાયના લોકો હંમેશા શાંતિ અને ભાઈચારાથી રહે છે. તેથી અમે ઈચ્છીએ છીએ કે શાંતિ અને સુલેહ-શાંતિ પ્રવર્તે. આથી મનપાએ ગેરકાયદે બાંધકામ ગણાતા ભાગને સીલ મારવો જોઈએ. આ મામલો કોર્ટમાં ચાલી રહ્યો છે અને અમે કોર્ટના નિર્ણયનું સન્માન કરીશું. જો અમને પરવાનગી આપવામાં આવે તો અમે તે ગેરકાયદેસર ભાગને દૂર કરવા તૈયાર છીએ.

બુધવારે શિમલા પોલીસે સંજૌલીમાં પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ કર્યો હતો. એટલું જ નહીં વિરોધ કરી રહેલા લોકો પર વોટર કેનનનો પણ ઉપયોગ કરવામાં આવ્યો હતો. હવે સ્થાનિક વેપારીઓ આનાથી ભારે નારાજ જોવા મળી રહ્યા છે. તેના વિરોધમાં સ્થાનિક વેપારીઓએ સવારે ૧૦ થી બપોરે ૧ વાગ્યા સુધી પોતાની દુકાનો બંધ રાખવાનો નિર્ણય કર્યો છે. સિમલા ટ્રેડ બોર્ડ હેઠળની શહેરની તમામ દુકાનો બંધ છે. આ ઉપરાંત સંજૌલી ઉપનગરમાં પણ દુકાન બંધ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. શિમલામાં એકપણ દુકાન ખુલ્લી નથી અને બજાર સંપૂર્ણપણે બંધ છે જેના કારણે લોકોને પણ ઘણી મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. વેપારીઓએ શિમલા લોઅર બજારમાં વિરોધ રેલી કાઢી હતી અને હનુમાન ચાલીસાના પાઠ કરી રહ્યા હતા. તેમજ વહેલી તકે ગેરકાયદેસર બાંધકામ તોડી પાડવાની માંગ કરી રહ્યા છે. વેપારી મંડળના પ્રમુખ સંજીવ કહે છે કે ગઈ કાલે લોકો સંજૌલીમાં ગેરકાયદે બાંધકામ તોડી પાડવા માટે વિરોધ કરી રહ્યા હતા અને પોલીસે તેમના પર નિર્દયતાથી લાઠીચાર્જ કર્યો હતો, જે કોઈપણ સંજોગોમાં સહન કરવામાં આવશે નહીં. જેના વિરોધમાં આજે સિમલામાં બજારો અને દુકાનો સદંતર બંધ રાખવામાં આવી રહી છે અને સરકારને વહેલી તકે ગેરકાયદે બાંધકામ તોડી પાડવાની માંગ કરવામાં આવી રહી છે અને જો તેને તોડી પાડવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઉગ્ર આંદોલન કરવામાં આવશે.

# અમદાવાદના યુવકને ડેટિંગ એપ્લિકેશનનો વપરાશ પડયો ભારી


અમદાવાદ,

આજકાલ લૂંટના બનાવો માં નવા કિમિયા નો ઉપયોગ કરતા લોકોના કિસ્સા જોવા મળી રહ્યા છે ત્યારે અમદાવાદ શહેરના બોડકદેવ પોલીસ દ્વારા અપહરણ અને લૂટ કેસમાં ધરપકડ ત્રણ લોકોની ધરપકડ કરી છે જેમના નામ સ્વપ્નિલ દેસાઈ, આયુષ રબારી અને આર્યન દેસાઈ છે. આ આરોપીએ મોબાઈલ એપ્લિકેશનના માધ્યમથી એક યુવકને મળી તેનું અપહરણ કરી લૂંટી લીધો હતો. અમદાવાદમાં એક યુવકને એપ્લિકેશનથી મિત્ર બનેલા શખ્સોએ લૂંટવામાં આવ્યો છે. આરોપીઓએ લૂંટના ઈરાદે યુવકનું અપહરણ કરી ગાડીમાં લઈને પૈસા પડાવ્યા.જો કે રોકડ પૈસા ન મળતા ઓનલાઇન ટ્રાન્સફર કરાવ્યા હતા. બોડકદેવ પોલીસે ત્રણેય આરોપીની ધરપકડ કરી છે. ઘટનાની વાત કરીએ તો જૂનાગઢનો રહેવાસી પૂજન વસોયા અમદાવાદના થલતેજ વિસ્તારમાં મિત્રો સાથે ભાડે રહે છે અને ખાનગી કંપનીમાં નોકરી કરે છે. ગત ૮ સપ્ટેમ્બરના રાત્રે પૂજન જમીને સિંધુભવન રોડ પર બેસવા જઈ રહ્યો હતો, ત્યારે બાગબાન ચાર રસ્તા પાસે એક કાર ઉભી હતી તે કારના ચાલકે પૂજનનો હાથ ખેંચી તેને જબરજસ્તી ગાડીમાં બેસાડી લઈ ગયા હતા.

# વડોદરામાં જર્જરિત મકાનનો સ્લેબ તૂટ્યો, ફાયર બ્રિગેડે રેસ્ક્યું કરી માતા-દીકરીનો જીવ બચાવ્યો, એકને ગંભીર ઇજા

વડોદરાના ચાર દરવાજા વિસ્તારમાં વધુ એક મકાન ધરાશયી થવાનો બનાવ બન્યો છે. જેમાં ફસાયેલી બે વ્યક્તિને બહાર કાઢવામાં આવી હતી અને તે પૈકી એક મહિલાને ગંભીર ઈજાઓ પહોંચી છે. ચાર દરવાજા વિસ્તારમાં જર્જરિત મકાનો ધરાશાયી થવાના વારંવાર બનાવો બની રહ્યા છે અને તંત્ર માત્ર નોટિસ આપીને સંતોષ માણી રહ્યું છે. ચાર દિવસ પહેલા જ લાડવાડા વિસ્તારમાં એક હવેલીનો ભાગ બાજુના મકાન પર પડતા તેમાં રહેતા ગૌતમભાઈ ભટ્ટ નામના આધેડનું મોત નિપજયું હતું.ઉપરોક્ત બનાવ બાદ આજે ચાંપાને દરવાજા પાસે બાજુવાળા વિસ્તારની શેઠ શેરીમાં મુન્નાભાઈ ભટ્ટનું મકાન ધરાશયી થવાનો બનાવ બનતા સ્થાનિક રહીશોના ટોળા જામ્યા હતા.

ઉપરોક્ત મકાનમાં નીચેના ભાગે અક્ષરો બનાવવાનું કારખાનું આવેલું છે. જ્યારે જીતેન્દ્રભાઈ પંચાલનો પરિવાર ઉપરના પહેલા માળે રહે છે જેમાં દિવ્યાંગ દીકરીનો પણ સમાવેશ થાય છે. આજે વહેલી સવારે પહેલા માળનો ભાગ અચાનક ધરાશાયી થતા કૈલાશબેન તેમજ દિવ્યાંગ દીકરી ફસાયા હતા. જ્યારે જીતેન્દ્રભાઈ બહાર નીકળ્યા હોવાથી તેમનો બચાવ થયો હતો. બનાવની જાણ ફાયર બ્રિગેડને કરાતા ગણતરીની મિનિટોમાં જ મહિલા તેમાં દિવ્યાંગ દીકરીનું રેસ્ક્યુ કરી સિવિલ હોસ્પિટલમાં મોકલવાની તજવીજ કરાઈ હતી. જેમાં કૈલાશબેનને ગંભીર ઈજાઓ પહોંચી હોવાનું જાણવા મળ્યું છે. બનાવના સ્થળે ગેસ તેમજ વીજ કંપનીની ટીમો અને પોલીસ આવી ગયા હતા અને તેમને પણ બચાવ કામગીરીમાં મદદ કરી હતી. મકાન તૂટતા વોશિંગ મશીન તેમજ અન્ય ઘરવખરીને પણ ભારે નુકસાન થયું હતું



તાજેતર માં જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ ની કચેરી ગીરસોમનાથ દ્વારા વેરાવળ સરસ્વતી સ્કૂલ ના રંગમંચ પર જિલ્લા કક્ષા બાળ પ્રતિભા શોધ સ્પર્ધા યોજાઈ ગઈ જેમા ખુલ્લા વિભાગ ની લોકગીત સ્પર્ધામા દક્ષ ભાવિનકુમાર જાની ( ડી.એચ.સી. પબ્લિક સ્કૂલ-સિલોજ) પ્રથમ ક્રમે વિજેતા થયા હતા. અને બ વિભાગ ની લોકવાદ્ય સંગીત સ્પર્ધામા ઓમગિરિ ચેતનગિરિ પાટંબરી (શ્રીચિખલી પ્રાથમિક શાળા )તૃતીય ક્રમે વિજેતા થયા હતા બન્ને વિદ્યાર્થીઓ એભારતીય શાસ્ત્રીય સંગીત સંસ્થાન ઊના ના કલાગુરૂ કમલેશ મહેતા પાસે સંગીત ની શાસ્ત્રીય સંગીત ગાયન વાદન નું શિક્ષણ પ્રાપ્ત કરી રહ્યા છે.




ક્લસ્ટર કક્ષાના બાળ વૈજ્ઞાનિક પ્રદર્શનનું પાટનાકુવા ક્લસ્ટરનું આયોજન ધારીસણા પ્રાથમિક શાળા પ્રાથમિક શાળા ખતે કરવામાં આવેલ હતું.જેમાં અહમદપુર પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ દ્વારા વિભાગ-૧,૨ અને વિભાગ-૪ માં પોતાની કૃતિ રજૂ કરેલ હતી.જેમાં વિભાગ-૧ માં ભારતમાં વપરાતા પ્રમાણીકરણ માર્ક કે જે આહારની ગુણવત્તા દર્શાવે છે,તે બાબતે લોકજાગૃતિ લાવવા બાબતે, વિભાગ- ૨ માં રોવરની સમજ અને ઉપયોગીતા બાબતે અને વિભાગ- ૪ માં આર્ટીફીશિયલ ઈન્ટેલીજન્સ આજના સમયની માંગ બાબતે પોતાની કૃતિ તૈયાર કરી પ્રેઝન્ટેશન રજૂ કર્યું હતું.જેમાં વિભાગ-૨ અને વિભાગ-૪ ની કૃતિઓ ક્લસ્ટર કક્ષાએ શ્રેષ્ઠ કૃતિ તરીકે પસંદગી પામેલ છે.જ્યારે વિભાગ-૧ નાં વિદ્યાર્થીઓએ પણ સુંદર રજૂઆત કરેલ હતી.આજના આ પ્રદર્શનની મુલાકાત શાળાના અન્ય બાળકોને પણ લેવડાવવામાં આવી હતી.કૃતિ સર્જક બાળકો અને માર્ગદર્શક શિક્ષકશ્રીઓને અભિનંદન..

## બહેન

ભીની ભીની લાગણીયુંમાં એ ધીમું ધીમું રડતી'તી,
નૈનો લૂછતી લૂછતી એ તો ગલીયુંમાંથી સરતી'તી.

કરમાં ઝાલી રાખડીયું એ ઘેર ઘેર જઈ ફરતી'તી,
ભઈલું..ભઈલું..રટતી એ તો નજરું ઊંચે કરતી'તી.

માતા એની જનમ ધરીને પ્રભુને પ્યારી થઈ ગઈ'તી,
બાપને તો દીકરી કરતાં શરાબ વ્હાલી થઈ ગઈ'તી.

બંધુ નાનો લાડકવાયો, અકાળે કુદરત ખઈ ગઈ'તી,
ભરખી ગયો કોરોના એને,હવે એકલી રહી ગઈ'તી.

પ્રભુ ભરોંસે એકલવાયું જીવન એ તો જીવતી 'તી,
હાલક ડોલક જીવન નૈયા હળવે હળવે સરતી 'તી.

મનુભાઈ પટેલ. મનમોજી. (યુએસએ )

.....................

## કથા.

બંધ પાંપણની કથા લખવી હતી,
એક સ્વપ્નની કથા લખવી હતી.

શબ્દનો જો સાથ મળ્યો હોત તો,
મન અને તનની કથા લખવી હતી.

કૂંપળો ફૂટે જો સૂકી ડાળ પર,
તો ફરી ખુદની કથા લખવી હતી.

પાનખરને માણવાની આશથી..,
લીલવા વનની કથા લખવી હતી.

લાશ આવી છે કિનારે એકલી,
આજ એ ઘરની કથા લખવી હતી.

ઉમેશ જોષી (અમરેલી)

## એ જાણ્યું

અજ્ઞાનના ઘોર અંધકારમાં કેટલું સહેવું પડ્યું.
મન,ચિત્તને બુદ્ધિ સાથે વિના મન રહેવું પડ્યું.

ધુની દિલમાં કેટલી વ્યથા, સહી રહેવું પડ્યું.
ઊર્મિઓને આંખના કફનમાં,દફન થવું પડ્યું.

દેહના સંયોગમાં જડ રૂપી દ્રવ્ય જોવું પડ્યું.
જડ ચેતન કેરા તફાવતનું, જ્ઞાન ન નિપજ્યું.

ઉપજે નહિ સંયોગ, આત્મા નિત્ય પ્રત્યક્ષ,
એવા અનુભવનું ફળ કો'દિ, ના પ્રાપ્ત થયું.

જ્ઞાન મળે ક્ષણિકમાં,એ જાણી શકે વદનાર,
આત્માની શંકામાં,આત્મતત્વ ના ઓળખ્યું.

જડ ચૈતન્ય બન્ને દ્રવ્યનો છે સ્વભાવ ભિન્ન,
દેહનો સ્વભાવ જીવ પદમાં છે, એ જાણ્યું.

રમેશ પટેલ.(રામજીયાણી.)★અમદાવાદ.★

## ગઝલ

સ્વયંને અભિનય કરાવ્યા કરું છું;
દસે આંગળી પર નચાવ્યા કરું છું.

સમસ્યા વિના સાવ લાગે છે સૂનું;
સમસ્યાને મુદત અપાવ્યા કરું છું.

ગઝલ હો કે જીવન, કરું ભૂલ સરખી;
લઘુને ગુરુમાં ખપાવ્યા કરું છું.

કદી લાગશે કામ, એવા સબબથી;
ઘણી આદતોને નભાવ્યા કરું છું.

ફિકર ના કરે માવતર, એટલે તો;
ઠરીઠામ ખુદને બતાવ્યા કરું છું.

ઉઘાડું ઘણી વાર 'અંતર'નાં દ્વારો;
ઘણી વાર સાંકળ લગાવ્યા કરું છું.

સુનીલ રાચાણી 'અંતર'(વડોદરા)

પપપ..

બધાને મસ્કા મારો તો સારાં લાગશો,
બધાને માથે ચઢાવશો તો સારાં લાગશો.

આજકાલ લોકો વિચિત્ર થઈ ગયા છે,
ખોટું એમનું બોલ્યા કે તમે બદનામ થઈ ગયા,

ક્યાંક કોઈનું સ્વમાન ખરડાય છે,
જ્યાં જુઓ ત્યાં સિધો માણસ પિસાય છે.

નાલાયકો આજે પણ પોતાની જાત બતાવે છે,
સિધો સાદો માણસ આજે મરતો જાય છે.

જે સત્યં છે તે હંમેશા બતાવું છું,
બાકી આજના દર્પણ પણ જૂઠ બોલે છે.

પરવેઝ સદા કલમ થકી વાસ્તવિકતા બતાવે છે,
બાકી આજકાલ ક્યાં કોઈ વચનો મા પણ સાચું બોલે છે.

પરવેઝ વડનગરી

.................

## આશા સંગે દોસ્તી

ક્યારેક નિરાશાને મનથી ખંખેરી તો જો !
આશાનું એક કિરણ દિલથી શોધી તો જો !

આમ હાથ પર હાથ દઈ બેસી ના રહીશ !
એક વખત હિંમત કરી ડગ માંડી તો જો !

કંઈ કેટલીયે સફળતા રાહ જુવે છે તારી !
પામવા કાજે લક્ષ્યને, એકવાર દોડી તો જો !

આમ બે હાથે અદબ વાળીને શું મળશે તને ?
બે હાથ ખુલ્લા કરી, એને અજમાવી તો જો !

નિરાશાની ગર્તામાં ધકેલાઈશ નહિ તું ક્યારેય !
આશા સંગે દોસ્તી કરીને નિભાવી તો જો !

મયંક જે. પરમાર "વડનગરી

## ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO: 169**
વિષય : શૈશવનાં સંસ્મરણો
શીર્ષક : મજાના દિવસો
શબ્દો - ૩૫૦

છોટે ગોકુળ ગણાતું સરસ મજાનું ગામ જ્યાં મારું બાળપણ વીત્યું એ મારું પિયરયું મને જીવથીયે અદકેરું વ્હાલું.

હારબંધ ઘરોવાળુ મજાનું ફળિયું. દરેક ઘરને એકબીજાની પછીત અડેલી હતી. દરેક ઘરનો કરયો (દીવાલ) પણ એક હતાં. એમાં વસતા માનવીઓના મન અને જીવ પણ મળેલા હતાં, એવા માયાળુ માણસો રહેતા હતાં. મેડીવાળું, બારસાખે સુંદર કોતરણી કરેલું , ટોડલે મોરની છાપ વાળું, મજબૂત મોભથી શોભતું, દેશી નળીયાવાળું સરસ મજાનું ઘર અને એ રળિયામણા ગામમાં મારું બાળપણ વીતેલું. મજાના હતાં એ બાળપણના દિવસો.

બાળપણની રમતોમાં અમે સતોડિયું, નદીતળાવ, પક્કડદાવ, સંતાકૂકડી, થપ્પો, લખોટીઓ, દોરડા કૂદવા, ચોખલા રમવા.. નાની લાકડી અને કાપડથી "મા"ના માયાળુ હાથથી સીવેલી લાડી (ઢીંગલી ) એનાથી અમે ઘરદાવ રમતા. મને લખોટીઓ રમવી ખૂબ ગમતી.

બાળપણમાં એકના દુઃખે દુઃખી અને એકના સુખે સુખી એવા સરસ મજાની શેરીના ફળિયાના માહોલમાં મારું બાળપણ વીત્યું.

પિતાજી શિક્ષક હતાં બધા એમને માસ્તરના નામે ઓળખે. "બખલીવાલા વિદ્યામંદિર" જે શાળામાં પિતાજી શિક્ષક હતાં, એજ શાળામાં એકથી છ ધોરણ સુધીનું શિક્ષણ મેળવ્યું. મારાં ક્લાસ સિવાયના બીજા બધા મને સાહેબની છોકરી તરીકે ઓળખતા હતાં. વાત કરવી છે આજે શૈશવના સંસ્મરણોની ત્યારે અમારા ઘરે સ્ટ્રીટ લાઈટ નાખેલી હતી. અત્યારે હોય છે એવી ટ્યુબ લાઈટ નહિ પરંતુ એક બલ્બ જ નાખેલો હતો. કદાચ એને (લાફો) કહેતા. એ લાઈટના અજવાળે સાંજે બધા જ ફળિયાના માણસો પરિવાર સહીત આવતા અને ભેગા બેસી સુખદુઃખની વાતો કરતાં. દરેક શ્રાવણમાસ તેમજ અધિક માસમાં રાગ-રાગીણીમાં મહાભારતનું અને રામાયણનું પઠન થતું. જે મારા પિતાજી તેમજ અમારા ફળિયાના એક કાકા એમનું નામ ગજાનંદ પણ અમે એમને ગનુકાકા કહેતા એ વારાફરતી મહાભારતનું રસપાન કરાવતા. મારા બાળપણમાં બધાજ સરસ હળીમળીને રહેતા એવું મને યાદ છે.

તે જમાનામાં પિતાજીનો પગાર સિત્તેર રૂપિયા હતો તે છતાંય અમને મેળામાં જવા માટે દસ રૂપિયા વાપરવા આપતા. મારું બાળપણ વીત્યું એ ગામ બાલાશિનોરમાં ભીમડુંગરે જન્માષ્ટમીનો મેળો ભરાય ત્યાં અમે મેળે જતા અને ખાસ વાત કે એ દસ રૂપિયામાંથી અમે પત્તરવેલીના ભજીયા ખાતા અને વાંસળી ખરીદતા.

કોઈનાં પણ ઘરે મહેમાન આવ્યા હોયને કંસાર કે શીરો ઘરમાં બન્યો હોય તો પહેલો પ્રસાદ પાડોશીના ઘરે પહોંચતો. બાળપણમાં પોતાના ઘરમાં બનેલ કોઈ વાનગી ન ભાવતી હોય તો બાજુના ઘરમાંથી જાતે લઈને સાથે બેસી હોંશે જમતા હતાં.

ખૂબ સરસ હતું એ બાળપણ, એ જમાનો બસ મજા જ મજા.

લતાબેન ચૌહાણ.. 'સોનાવેલ' (ગોધરા)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 366**
વિષય: શૈશવનાં સ્મરણો
શીર્ષક: શૈશવ સાંભરે
શબ્દ સંખ્યા: ૨૭૯. પ્રકાર : પદ્ય
ખોલી પ્રથમ આંખો એ ઘર સાંભરે
પાપા પગલી પાડતાં શીખ્યા એ આંગણું સાંભરે

રમતાં જ્યાં સંતાકૂકડી ને પક્કડદાવ.....
મને મારી એ સાંકડી ગલી સાંભરે.
જ્યાં શીખ્યા તરતાં..ને ધબતાં...
પાળ પરથી મારતાં કૂદકા...
મને મારું એ તળાવ સાંભરે

નહોતી મોટી ભારે ભરખમ બેગ,
અલ્યુમીનિયમની બેગમાં .....
રાખું ચોપડીઓ પૂંઠા ચડાવી,
હસતાં લડતાં- ઝગડતાં...
મેળવ્યું જ્યાં અક્ષર જ્ઞાન...
મને મારી એ નિશાળ સાંભરે.

પપ્પાનાં ખભે બેસી દુનિયા આખી જોઈ
મમ્મી વાત નાં માને તો ખોટું ખોટુ રિસાઈ
મેથીપાક કદી પડ્યો નથી
મળ્યાં ખૂબ જ લાડ/દુલાર
દાદાનો એ હિંચકો,
દાદીની તલસાંકળી....
મમ્મીની બદામ કાજુની એ સુખડી સાંભરે

સાયકલ પાછળ કાકાને ખૂબ દોડાવ્યા,
વળી ઘડીયા બોલાવી બોલાવી પાક્કા એમણે જ કરાવ્યાં...
અભરાઈ ઉપર લટકાવી એમણે અમને ખૂબ ડરાવ્યા
છતાંય.. નિશાળ જતાં પાંચ બદામ કાજુનું પડીકું આપતાં
મને અમનું નિખાલસ વહાલ સાંભરે..

ગામનાં ચોકમાં ગરબા ઘૂમતાં,
વારે તહેવારે ખૂબ મજા કરતાં
મેળાની મજા ને વાતોનાં વડા
મને મારું બહેનપણીઓનું ટોળું સાંભરે.

નકલી નકલીમાં ઘર ઘર રમતાં,
સપનાંઓની દુનિયામાં જીવતા,
રેતનાં ઢગલામાં ઘર બનાવતાં,
મને મારા માટીનાં રમકડાં સાંભરે....

વરસાદ માં છબછબિયાં કરતાં,
કાગળ ની હોળી બનાવતાં,
છત્રી નહીં પ્લાસ્ટિકની થેલીથી મોસલો બનાવતાં...(પલળી નાં જવાય એ માટે ઉપયોગ માં લેવાતી પ્લાસ્ટિકની કે ઘઉં ભરવાની બોરી)

મને વરસાદમાં છબછબિયાં કરતું મારું બાળપણ સાંભરે............
ગૌરી વ્રત કરતાં, મહાદેવ જતાં,
જાગરણમાં ચોપાટ રમતાં,
રસ્તો કદી રોકી ચકો નથી માંગ્યો
વણમાગ્યે બધું જ આપ્યું મને એ મારા મા-બાપ સાંભરે...

લડયા ઝગડ્યા, ઘણાં નામ પાડી ચીડાવ્યાં,
કોઈ પણ હોય વસ્તુ ભાગ એમાં પાડ્યાં,
છતાંય સમય આવે સાથ આપ્યો મને એ મારા
ભાઈ - બહેન સાંભરે....

નાનાંથી મોટાં થયાં,
કાલી ઘેલી વાતોથી લઈ સમજદાર થયાં,
હમેશાં મારી ખુશીને પોતાની ખુશી માની ઉજવતા

મારું બાળપણ જ્યાં હજી જીવે છે ..
મને મારું એ ઘર,ગલી,નિશાળ, મારું ગામ, મારું શૈશવ સાંભરે............

યોગી ઉમા 'શબ્દ સ્યાહી'??

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No:335**
વિષય:– 'શૈશવ ના સંસ્મરણો'
પ્રકાર:—પદ્ય
શીર્ષક :–'બાળપણ ની યાદ'
શબ્દો:—૯૯
છળતું – ઉછળતું ને ખીલતું મહેંકતું (૨)
બાળપણ હજી મને યાદ છે...હો..(૨)

હસતું–રમતું આ મારું બાળપણ ચાલી ગયું (૨)
તોય ઘણી વાત મને યાદ છે...હો..(૨)

ઢીંગલા, પોતીયાની સાથે રમતી જે ઘરમાં (૨)
ઘર જુનું હજી મને યાદ છે...હો.. (૨)

માટીનાં વાસણો રમવા બનાવતી... (૨)
ઘર – ઘર રમતાં તે'દી યાદ છે...હો (૨)

આંબાની ડાળે રૂડો હિંચકો રે બાંધતા (૨)
મધુરાં ગીત ગાતાં યાદ છે...હો..(૨)

સંતાકૂકડીની અમે રમતો રે રમતાં (૨)
દાવ અડવા ના દેતાં યાદ છે...હો..(૨)

મેળો કરવાને હું તો થાતી ઉતાવળી...(૨)
ચકડોળ 'ધરતી'ને એ યાદ છે...હો..(૨)

??? બીના આહીર 'ધરતી' ભાવનગર રાજપરા ખોડિયાર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No.209**
વિષય- શૈશવનાં સ્મરણો
શૈશવ ગયું,યાદો મુકતું ગયું,એ યાદમાં જ શૈશવ રમતું,
થાય છે મને પાછો આપે એ ખજાનો મારો, થોડું જીવન મારે જીવી લેવું.

હવે તો મહોરાં પહેરીને જીવવું પડે છે,નિર્દોષતાં ચાલી ગઈ,
જિદ પૂરી કરવાં કરતાં નવાંનવાં નખરાં,માબાપ પણ કંટાળીને પણ જિદ પૂરી કરતાં

નાનીનાની વાતમાં મોટાભાઈ બહેન સાથે ઝગડવાની આવતી મઝા,
મોટાને પણ બિચારાને કહેતા માબાપ તું છે મોટો રાખ થોડી સમજ.

મને પણ એમાં જ આવતી મજા,ઉતરેલો ચહેરો જોઈને મોટાનો,
છીનવીને લેવામાં જ હતી મજા,ડીંગો બતાવીને છીનવતાં મજા મોટાની.

બાળપણ છે અજબ મસ્તીથી ભરપૂર,ન કોઈ ફિકર,ન જવાબદારી બીજી,
મોટા થયા જવાબદારી વધી,નિર્દોષતાં ગઈ,મહોરા વિવેકનાં પહેર્યાં,

★સ્વધા★ કરે વિચાર,કાશ બાળપણ પાછું મળી જાય,જિંદગીની મજા આવી જાય,
પણ ન હોય વાત શક્ય,શૈશવને તો હવે સ્મરણમાં જ મળવું છે શક્ય.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No:371***
★વિષય:– 'શૈશવ ના સંસ્મરણો'★
★પ્રકાર:—પદ્ય મૌલિક રચના★
★શીર્ષક :–'બાળપણની અમીરાત'★
★શબ્દો:– ૧૩૯★

અહાહાહા મળી તક આજ ફરી એ જ મનગમતી યાદોને વાગોળવાની,
આટલા વર્ષે ફરી એકવાર એ નાનપણની ગલીઓમાં જવાની.

શું કહું કંઈ રીતે કહું ન ભૂલી એક ક્ષણ પણ જે યાદોના મોસમને,
મનપંખી ભમવા ચાહે છે આજ પણ એટલું જ એ શેરીઓમાં રખડવાને.

સમયની ચિંતા ન પૈસાની જરૂર કેટલા અમીર હતા એ બાળપણના દિન,
છે બધું આજ પાસેને હાથમા છતા કેટલા થઈ ગયા બધા મનથી હિન.

હાથમાં હાથ લઈને પાટા પર ચાલતા ખભ્ભે દફતરને
આભાર - નિહારીકા રવિયા ઉઘાડ પગે ભાગતા,
આવે શાળામા આપવા શીતળાની રસી બારીઓમાંથી ઠેકીને નાસતા.

શેરીઓમાં દાદાગીરી બહું કીધી ક્રિકેટમાં પહેલા બેટિંગ હંમેશા લીધી,
પાટલાના સ્ટમ્પને ધોકાનું બેટ દડો ચિથરાનો ને મોજથી સોડા પીધી.

કેમ ભુલાય એ બાળપણની અમીરાત લીડર બની ન્યાય કેટલાય કીધા,
આજના સમયમાં રોળાતું જોઈ બાળપણ ઝેરના ઘૂંટડા પીધા.

માંગે ચાંદની એટલું જ ઈશ પાસે આપે વરદાન તો માંગુ બાળપણ,
હતું કેટલું બિન્દાસ છળકપટ રહિત આપણું એ અદ્ભુત મસ્ત બાળપણ.

ભાવના જોષી " ચાંદની "
વડોદરા હાલ છોટાઉદેપુર

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No-106**
વિષય:-"શૈશવનાં સંસ્મરણો"
શીર્ષક"-"બાળાપણ"
શબ્દો:-૩૦૦
આતા હે યાદ મુજકો, ગુઝરા હુવા જમાના!
વહ ઝાડિયાં ચમનકી,વો મેરા આશિયાના!
ન કપડાંની ચિંતા,
સમયની ચિંતા,
ન તારી,ન મારી ચિંતા!
દુનિયા શું કહેશે?
કેવું લાગશે?કોને કહેશું? કેવી રીતે કહેશું? શું ખાશું? પીશું? કોને ખબર
બસ,ખાવ-પીઓ મઝા કરો!
એક દિવસ પાર્ટીમાં,મારી આંખની ઊંચાઈની ટેબલ પર પડેલી કેક,છાનામાંના હાથ લંબાવીને ચાટી હતી, ત્યારે સટાક દેતોને ,પપ્પાના હાથનો ગાલ પર પડેલો તમાચો!એની ચમક આજ પણ ગાલ પર તતડે છે!
સવારે ઊઠીને,નિશાળ જતી વખતે, કોઈપણ સંજોગોમાં પેટ દુઃખે, દુઃખે ને દુઃખેજ, અને દાદીના સહકારથી,હા બિચારાને દુખતું હશે, નિશાળે છુટ્ટી! અને..એજ સમયે વરસાદ ચાલુ થાય! પેટ દુઃખવાનું ભૂલાઈ જાય, પાણીમાં દોડાદોડી-છબછબિયાં-કાગળની હોડી તરાવવી, ખેતરો માંથી શેરડીના સાંઠા, ગાજર,મૂળા ભરીને, રસ્તે જતાં ગાડાંઓમાંથી, પાછળ લટકીને ચોરી કરવી. કલાકો સુધી, ઘરમાં ન જઈને માને હેરાન કરવી! સાંજ પડે, ઘરમાં જેવી બાપાની એન્ટ્રી થાય એટલે ગુસલાંની જેમ છાનાંમાનાં એક ખૂણામાં ડાહ્યાડમરા થઈ બેસી જાવું,તક મળે એટલે "મોટા ભાઈએ મને માર્યું!" ખોટી રાવ ખાઈ ભાઈને માર ખવડાવવો!
જોયું!તને માર ખવડાવી, એકબીજા સામે આંખો મિચકારવી!દાદા સાથે, રાત્રે સૂતી વખતે પ્રાર્થના,રામરક્ષા સ્તોત્ર, હનુમાન ચાલીસા બોલવામાં બહુ માહિર છીએ,એમ હોઠો ફફડાવી નિદ્રાદેવીના શરણે.પાછા સવાર પડે! એજ સપનાં દેખાય! શાળાનો ઘંટ સૂણી શમણાંઓ દોટ મૂકે .. આંખ ખૂલે જ નહિ! પેટ દુઃખવાનું ચાલુ થઈ જાય! એકડાને બગડાને તગડાનું હોય કદિ તોફાન મસ્તીથી જાજું માન!
મને તો એ મસ્તી,માને હેરાન કરવી, દાદા દાદીનું લાડ!નાગાનાગા નાચવું, બાપથી ગભરું બની ગભરાવું,મોટા ભાઈને હેરાન કરવો,નિશાળમાં બાજુવાળાનો નાસ્તો હડપી લેવો, પેન્સીલ ચોરી લેવી, અ..ને ખુશ થાવું!!
બચપનકે દિન ભૂલા ન દેના.
હું તો ભગવાનને એક જ પ્રાર્થના કરું છું,મને મનથી બાળક બનાવ.
હંમેશાં હું બાળક જ છું.
મુક્તિદા કુમાર 'રુપલી'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 191**
પ્રકાર - પદ્ય
વિષય : શૈશવ ના સંભારણા
શીર્ષક : મારું શૈશવ ક્યાંક ખોવાણું...... એક ગરીબ બાળક ની વ્યથા...

ના હીરા મોતી, ના ધન દૌલત, નથી જોઈતું નાણું,
મને શોધી આપો કોઈ આજ મારું શૈશવ ખોવાણું.

જનમ્યા ત્યારથીજ જીવન મારું યાતનામાં અટવાણું
આંખ ઊઘડી ત્યારે ન હતી માથે છત, કે છાપરું કાણું,

માંગી ભીખ જનમ્યા ત્યાંથી,તોય ન ભરાણું તરભાણું,
ક્યારેક રહ્યા ભૂખ્યા પેટે તો, ક્યારેક મળ્યું એઠું ભાણું.

ગરીબી ને લાચારીની પાટ વચ્ચે જીવન કેવુ સલવાણું.
જો ભણવાનું છોડી ભીખ માંગી ભાવી અમારું ડુબાણું,

લાગે છે કે ફૂટી ગયું, નસીબ અમારું અંદર પડ્યું છે કાણું
હડધૂત થઈએ હાલતા ચાલતા નથી લેતા કોઈ ઉપરાણું.

હે પ્રભુ કહે અમને કે ભાગ્ય અમારું કેમ આવુ લખાણું.
આપી આપી ને આપ્યું તે અમને ખોળિયું અળખામણું,

પરભવના પાપ છે કે " મિત્ર" બાકી રહી ગયું છે ઉઘરાણું,
ઈશ્વર આ અવતાર છે શાપ અમારો નથી કોઈ નજરાણું.

વિનોદ સોલંકી " મિત્ર " લખતર.

# ગણેશજીના વિવિધ પ્રતિકો

સામાન્ય રીતે હાથી જંગલમાં રસ્તો બનાવનાર પ્રાણી કહેવામાં છે. હાથી જ્યારે જંગલમાંથી પસાર થાય છે ત્યારે તે પોતાના મહાકાય શરીરથી અન્ય પ્રાણી માટે રસ્તો બનાવે છે. તેવી જ રીતે ગણેશ ભગવાન કોઈ પણ શુભ કાર્યની પહેલા પૂજવવામાં આવે છે, કારણ કે ગણપતિ કોઈપણ કાર્યમાં આવતા અડચણને દૂર કરીને જીવનમાં આગળ વધવાનો રસ્તો બતાવે છે અને તે માટે આશીર્વાદ આપે છે. ભગવાન ગણેશનું મોટું મસ્તક એ બુદ્ધિ અને શાણપણનું પ્રતિક છે. તે દર્શાવે છે કે, જીવનમાં કોઈપણ પરિસ્થિતિ હોય, તેમાં બુદ્ધિ અને શાણપણ દ્વારા પૂર્ણતા પ્રાપ્ત કરવી જોઈએ. ભગવાન ગણેશનું વિશાળ મુખ દરેક વ્યક્તિની જીવન જીવવાની અને પોતાની દરેક ઈચ્છાઓ પૂરી કરવાની ભાવના દર્શાવે છે. ભગવાન ગણેશ એ વિશ્વનાં તમામ ભક્તોની પ્રાર્થના સાંભળવા માટે મોટા કાન ધરાવે છે. તેમના મોટા કાન, દરેક વ્યક્તિ ત્યારે જ સંપૂર્ણ ગણાય જ્યારે તેની સાંભળવાની શક્તિ બોલવાની શક્તિ કરતાં વધુ હોય, તેવું દર્શાવે છે. ભગવાન ગણેશની સૂંઢ દુનિયામાં રહેલી દરેક વસ્તુને પોતાની અંદર સમાવી શકે છે. તેવી જ રીતે, માનવી એ કોઈપણ પરિસ્થિતિના બદલાવ સાથે સમાયોજિત થઈ જવું જોઈએ તેવું દર્શાવે છે. ભગવાન ગણપતિના બંને દાંત કોઈ પણ વ્યક્તિની વ્યક્તિકત્વના બે પાસઓ દર્શાવે છે : વ્યક્તિત્વ અને ભાવનાઓ. જમણી બાજુનો દાંત શાણપણ જ્યારે ડાબી બાજુનો દાંત વ્યક્તિની ભાવનાઓ દર્શાવે છે. ગણેશજીના ડાબી બાજુનો તૂટેલો દાંત એવું દર્શાવે છે કે વ્યક્તિએ કોઈ પણ પરિસ્થિતિમાં પોતાની ભાવનાઓને પોતાના પર હાવી ન થવા દેવી જોઈએ. ભાવનાઓ પર કાબૂ રાખીને પરિસ્થિતિનો સામનો કરવો જોઈએ. ભગવાન ગણેશની આંખો કોઈ પણ વસ્તુ હોય તેના કરતાં વધુ મોટી જોઈ શકવાનું મનાઈ છે. જે દર્શાવે છે કે માનવી એ હમેશા માનવું જોઈએ કે પોતે સર્વસ્વ નથી. ભગવાન ગણેશના ચાર હાથ માનવના ચાર મહત્વના આંતરિક ગુણો દર્શાવે છે; મન,બુદ્ધિ,અહંકાર અને ચિત્ત. ભગવાન ગણેશ શુદ્ધ આત્માનું પ્રતિનિધિત્વ કરે છે જે, આપણામાં આ ચાર તત્વોને કાર્યરત કરે છે. સામાન્ય રીતે ભગવાન ગણપતિ એ લાલ અથવા પીળા રંગના કપડાં પહેરેલા હોય છે. પીળો રંગ શાંતિ,સત્યતા,પવિત્રતા અને સંપતિનું પ્રતિક ગણવામાં આવે છે જ્યારે લાલ રંગ દુનિયામાં થતાં કોઈપણ શુભ કાર્યને દર્શાવે છે. આમ, કોઈપણ વ્યક્તિએ કોઈપણ શુભ કાર્ય કરવા સમયે પીળા અથવા લાલ રંગના કપડાં પહેરવા જોઈએ.ભગવાન ગણેશનું મોટું પેટ સમગ્ર બ્રહ્માંડનું પ્રતિનિધિત્વ કરે છે.ભગવાન જે ધૈર્યનું પ્રતિક છે. તેમાં સાત સમુદ્ર સમયેલા હોવાનું કેહવામાં આવે છે. જે દર્શાવે છે કે માનવીએ પોતાના સમગ્ર જીવનમાં દરેક સારા ખરાબ અનુભવોને ધૈર્ય દ્વારા સામનો કરવો જોઈએ. ભગવાન ગણપતિનું વાહન ઉંદર છે. જે વ્યક્તિના અભિમાનને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. જેમ ઉંદરને ભગવાન નિયંત્રિત કરે છે,તેમ માનવીએ પોતાના મનને નિયંત્રિત કરવું જોઈએ. ભગવાન ગણેશના પગ પાસે રહેલો ઉંદર જે માથું ઊંચકીને હાથમાં મોદક લઈને બેસેલો દર્શાવવામાં આવે છે તે માનવીના મન અને તેની ઈચ્છાઓને નિયંત્રણમાં રાખવાનું સૂચવે છે. ભગવાન ગણપતિનો જમણો પગ જે ડાબા પગની ઉપર રહેલો હોય છે તે દર્શાવે છે કે માનવીએ સફળતાપૂર્વકનું જીવન જીવવા માટે પોતાની આવડત અને જ્ઞાનનો ભરપૂર ઉપયોગ કરવો જોઈએ અને પોતાની ભાવનાઓ પર કાબૂ રાખવો જોઈએ.

મિત્તલ ખેતાણી ()

# સાંવત્સરીક રથાયાત્રાના કર્તવ્યની આરાધના માટે મુંબઈ જૈન સંઘ સંગઠન દ્વારાભવ્યાતિભવ્ય સામૂહિક રથયાત્રા

જૈનોના પર્યુષણ બાદ શ્રાવકોના વાર્ષિક કર્તવ્યોમાંનું રથયાત્રાનું કર્તવ્ય આરાધવા મુંબઈના ૨૦૦થી અધિક જૈન સંઘોની સામૂહિક રથયાત્રાનું આયોજન તા. ૨૨-૯-૨૦૨૪ના રોજ સવારે ૯.૦૦ કલાકે કરવામાં આવેલ છે.શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠન દ્વારા આયોજિત અને મુંબઈમાં બિરાજમાન અનેક પૂજ્ય ગુરુભગંવોતના આશીર્વાદ અને પ્રેરણાથી આ રથયાત્રામાં એક લાખથી વધુ લોકો જોડાશે.

સંઘે શક્તિ કલોયુગે...એ સૂત્રને ચરિતાર્થ કરતી સંઘ શક્તિ અને શાસન પ્રભાવનાની આ એક અજોડ અને અમૂલ્ય તકને ઝડપીને ૧,૨૫૦થી વધુ સંઘોના સંગઠન શ્રી મુંબઈ જૈન સંઘ સંગઠને આ એક અભૂતપૂર્વ રથયાત્રાનું આયોજન કરલે છે.

આ રથયાત્રાના મુખ્ય આકર્ષણોમાં પરમાત્માના સાત રથ, બે ઈન્દ્ર ધજા, ૨૪ અરિહંત પરમાત્માની પ્રતિકૃતિ, ૪૦૦થી અધિક સાધુ-સાધ્વીજી ભગંવતો, શતાધીક યુવા અને મહિલા મંડળો, ૬૪ ઈન્દ્રો, ૧૬ વિદ્યા દેવીઓ, ૫૬ કુમારિકાઓ, ૧૦૮ ફૂટ લાંબો શાસન ધ્વજ, ૧૫થી વધારે જૈન બેન્ડ, તત્કાળ બનતી રંગોળીઓ, પ્રભુભક્તિ, વૈરાગ્ય, જીવદયા, શાસન પ્રભાવના અને મહાપુરુષોની યાદ અપવાતી રચનાઓ, ૧૦૦૮ શાસન ધ્વજધારી યુવાનોની પરેડ, ૩૦૦થી વધારે બાઈકની રેલી, દેવવિમાન દ્વારા પુષ્પવૃષ્ટિ, સકળ શ્રી સંઘને સુગંધિત અમીછાંટણા, સંપૂર્ણ રથયાત્રા દરમ્યાન મીઠાઈની પ્રભાવના અને પ્રીતિદાન તેમ જ જૈનત્વનું સન્માનની વૃદ્ધિ કરતી સેવ ભારત, સેવ હયુમિનિટી અને સેવ વર્લ્ડની પ્રતિકૃતિઓ , જૈનો દ્વારા ભારતના ઉત્થાનમાં આપવામાં આવેલા યોગદાનની પ્રતિકૃતિઓ, સંસ્કૃતિ, રાષ્ટ્ર સાથે ધર્મનો સમન્યવય કરતી અનેકવિધ પ્રતિકૃતિઓ.

પંચ પરમેષ્ઠીની યાદ અપાવે તેવી ૧૦૮ જૈનોની અનેરી ઝલક, વનવાસી, કચ્છી, ડાંગ, કલમબેલા, કેરળ, બીહુ ડાન્સ દર્શાવતી મંડળીઓ, વિશ્વની અનેક સાંપ્રત સમસ્યાઓ જેમ કે આતંકવાદ, ગરીબી, પર્યાવરણ નાશ, ભ્રષ્ટાચાર, શારીરિક - માનસિક રોગ, ભૂકંપ, ગ્લોબલ વૉર્મિંગ, નારી અપમાન, અત્યાચાર અને અન્ય સમસ્યાઓનું ભગવાન મહાવીર દ્વારા અપાયેલા સમાધાનની ઝાંખીઓ દર્શાવતી અનેક પ્રતિકૃતિઓથી દક્ષિણ મુંબઈના રસ્તાઓ ઉભરાઈ જવાના છે. ગત વર્ષોની આ રથયાત્રાને લિમ્કા બૂક ઓફ રેકોર્ડમાં પણ સ્થાન આપવામાં આવ્યું છે. આ રથયાત્રાનો પ્રારંભ પ્રાર્થના સમાજ જંકશનથી સવારે ૯.૦૦ કલાકે શરુ થઈ ઓપેરા હાઉસ, હ્યુજીસ રોડ, ભારતીય વિદ્યા ભવન, નાના ચોક વગેરે રાજમાર્ગો પર ફરીને ઓગસ્ટ ક્રાંતિ મેદાન પર સવારે ૧૨.૦૦ કલાકે પૂર્ણ થશે. મહારાષ્ટ્રના મુખ્ય પ્રધાન શ્રી એકનાથ શિંદે, ડેપ્યુટી ચીફ મિનિસ્ટર શ્રી દેવેન્દ્ર ફડણવીસ તેમ જ મંત્રી શ્રી મંગલ પ્રભાત લોઢા આદિ અનેક મહાનુભાવો આ રથયાત્રાને લીલી ઝંડી આપવા માટે વિનંતી કરવામાં આવી છે. તેમ જ અનેક મહાનુભાવો પધારીને શોભામાં અભિવૃદ્ધિ કરશે. રથયાત્રા સંપન્ન થયે સાધર્મિક ભક્તિનું આયોજન પણ રાખવામાં આવેલ છે. રસ્તામાં અનેક જગ્યાએ વરીયાળી, સાકરના શરબતો, કાચું ગાળેલું પાણી, ઉકાળેલું પાણી આદિની વ્યવસ્થાઓ ગોઠવવામાં આવી છે.

### વિશ્વ આદિવાસી અધિકાર દિવસ નિમિતે શેરડી કાપણીના મજૂરોના

# આદિવાસી સમાજના હક્ક અધિકાર સંદર્ભે મજૂર અધિકાર મંચ દ્વારા મહાસંમેલનનું આયોજન કરી ઉજવણી કરવામાં આવી



તારીખ ૧૩ સપ્ટેમ્બર ૨૦૨૪ શુક્રવાર ના દિવસે સુબીર તાલુકા પંચાયતની સામેની જગ્યામાં આદિવાસી અધિકાર દિવસની ઉજવણી કરવામાં આવી .જેમાં ખાસ કરીને

૧. શેરડી કાપણીના કામદારોનો ગુજરાત સરકાર દ્વારા રિવાઈઝ કરેલ લઘુતમ વેતન ૪૭૬ રૂપિયા પ્રતિ ટન ચૂકવવામાં આવે . તેમજ શેરડી કાપણીના કામદારોના પડવોમાં લાઈટ ,પાણી, શોચાલય, જેવી સુવિધાઓ કરવામાં આવે.

૨. શેરડી કાપતા મજૂરોના બાળકોને , કિશોરીઓને, સગર્ભા, ધાત્રી માતાઓનેં ઝ્ઢજી, શિક્ષણ અને આરોગ્યની સેવાઓ પૂરી પાડવામાં આવે,

૩. મહારાષ્ટ્ર સરકારની જેમ ગુજરાતમાં પણ મથાડી બોર્ડની રચના કરી સામાજિક સુરક્ષા જેવી કે પી.એફ, ઈ. એસ.આય, અને ગ્રેજ્યુટીના લાભો આપવામાં આવે.

૪. શેરડી કાપણીના કામદારો પોતાના માદરે વતનની કાર્ય સ્થળ ઉપર આવવા જવાનું ભાડું સુગર ફેક્ટરીઓ દ્વારા ચૂકવવામાં આવે.

૫. તમામ કામદારોને તેઓના ખાતા ખોલાવી દર મહિને ખાતામાં વેતન ચૂકવવામાં આવે તેમજ કામદારો પોતાના વતનથી કાર્ય સ્થળ પર આવતા જતા કોય અકસ્માતે મૃત્યુની ઘટનાઓ વધતી જાય છે એવા કિશામાં કામદારોના વાલી વારસને ૮ લાખ સુધીનું વળતર ચૂકવવામાં આવે.

૬. જંગલ જમીન ખેડનાર તમામ દાવેદારોની સ્થળ ચકાસણી કરી કાયદા અંતર્ગત અન્ય આધાર પુરાવા માન્ય રાખી માંગણી પ્રમાણે દાવાઓ મંજૂર કરવામાં આવે અને પેન્ડિંગ દાવાઓની સત્વરે નિકાલ કરવામાં આવે. તેમજ ડાંગ જિલ્લામાં તાલુકા , જિલ્લા સ્તરની વાં અધિકાર સમિતિઓ સક્રિય કરી પેંડિંગ દાવાઓ અને સામૂહિક દવાઓ મંજૂર કરવામાં આવે.

૭. ડાંગ જિલ્લો સંપૂર્ણ આદિવાસી હોવાથી પાંચમી અનુસૂચીનું ચુસ્તપણે અમલવારી કરવામાં આવે

૮. સુબીર તાલુકામાં આવેલ રેફરલ હોસ્પિટલમાં ગાયનેક ડોક્ટરની નિમણુક કરવામાં આવેલ નથી જેના કારણે સુબીર સગર્ભા બહેનો, કિશોરીઓને આહવા તેમજ અન્ય પ્રાઈવેટ હોસ્પિટલોમાં સારવાર અર્થે જવું પડે છે જેને ધ્યાન રાખી સુબીર રેફરલ હોસ્પિટલમાં કાયમી ધોરણે ગાયનેક ડોક્ટરની નિમણુક કરવામાં આવે

આમ ઉપર મુજબના મુદ્દાઓની ચર્ચા કરવામાં આવી.

આ સંમેલનમાં ભારત આદિવાસી પાર્ટીના સ્થાપક કાંતિભાઈ રોત, માંગીલાલ નિનામા (રાષ્ટ્રીય સંયોજક ભીલ પ્રદેશ મુક્તિ મોરચા), દિનેશભાઈ (મ્છઁ કાર્યકર્તા), કારૂલાલ કોટેડ દક્ષિણ રાજસ્થાન મજદૂર યુનિયન, રાકેશ ચૌધરી ભારત આદિવાસી સંવિધાન સેના પ્રદેશ અધ્યક્ષ ગુજરાત,મિનેશ વસાવા, નિલેશ ઝમરે બાસ જિલ્લા પ્રમુખ, મહેશ આહિરે બસપા પ્રમુખ,એડવોકેટ સુનીલ ગામીત , એડવોકેટ રોશન સરોલિયા, આપ પ્રમુખ રમેશ ગાયકવાડ, જયેશ ગામીત મજૂર અધિકાર મંચ સચિવ , શાંતિલાલભાઈ હજાર રહ્યા હતા.

# વિશ્વઉમિયાધામ દ્વારા ઊમિયાધામ ઊંઝા ખાતે ધજા મહોત્સવમાં ૨૧ ધજા ચઢાવાઈ



જગત જનની માં ઉમિયાના નિજ મંદિરના ૧૮૬૮ વર્ષની ઉજવણીના ભાગરૂપે આપણી માતૃ સંસ્થા શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા દ્વારા ધજા મહોત્સવનું આયોજન કરાયું છે. જેમાં ન માત્ર ગુજરાત પરંતુ દેશભરમાંથી મા ઉમિયાના ભક્તો ધજામહોત્સવમાં પધારી રહ્યા છે. ત્યારે શુક્રવારના રોજ વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન અમદાવાદ દ્વારા સંસ્થાના પ્રણેતા અને પ્રમુખશ્રી આર.પી.પટેલ, ઉપપ્રમુખશ્રી પ્રહલાદભાઈ પટેલ(કામેશ્વર), શ્રી વી.પી.પટેલ- ેજીઇ૭ ,શ્રી દિપકભાઈ પટેલ, ખજાનચીશ્રી કાંતિભાઈ પટેલ (રામ) તથા ગૌરવંતા ટ્રસ્ટીશ્રીઓ, હોદ્દેદારશ્રીઓ, કમિટી ચેરમેનશ્રીઓ તથા સંગઠનના કાર્યકર્તા ભાઈઓ બહેનો દ્વારા જગતજનની મા ઉમિયાને ૨૧ ધજા ચડાવી હતી. આ સાથે જ મા ઉમિયાના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. આ પ્રસંગે વાત કરતા સંસ્થાના પ્રમુખ શ્રી આર.પી પટેલ જણાવે છે કે ઊંઝા મંદિરના નિર્માણના ૧૮૬૮ વર્ષ પૂર્ણ થઈ રહ્યા હોય ત્યારે વિશ્વભરમાં મા ઉમિયાની આસ્થાને ઉજાગર કરવા વિશ્વઉમિયાધામની ટીમ દ્વારા ઊંઝા મંદિરે ૨૧ ધજા ચઢાવાઈ છે.

# ભક્તરાજ દાદા ખાચર કોલેજ ગઢડામાં દિગ્વિજય દિવસની ઉજવણી કરાઈ



ભાવેશ પરમાર (બોટાદ)

ભક્તરાજ દાદા ખાચર વિનયન અને વાણિજ્ય કૉલેજ ગઢડા ખાતે ૧૧ સપ્ટેમ્બરંના રોજ દિગ્વિજય દીવસની ઉજવણી કરવામા આવી હતી. આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય વિદ્યાર્થીઓ સ્વામી વિવેકાનંદજીના જીવનમાંથી પ્રેરણા લે અને ભારતના ઉજ્વળ ભવિષ્ય માટે યુવાનો દરેક ક્ષેત્રમા વિકસિત થાય તેવો હતો. આ કાર્યક્રમ કૉલેજના આચાર્યની અધ્યક્ષતામા શારીરિક શિક્ષણ વિભાગ, એન.એસ.એસ વિભાગ,સંસ્કૃત વિભાગ તથા સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ ગઢડાના સંયુક્ત ઉપક્રમે યોજાયો હતો. આ કાર્યક્રમમાં હરીપર પ્રાથમિક શાળાનાં શિક્ષક શ્રી વિપુલભાઈ મકવાણા મુખ્ય વક્તા તરીકે ઉપસ્થિત રહ્યા હતાં ઉપરાંત કોલેજના આઇ.કયુ.એસી.કૉ-ઓર્ડીનેટર તથા એન.એસ.એસ.અધ્યક્ષ ડૉ. વિરેન પંડયા, શારીરિક શિક્ષણ વિભાગના અધ્યક્ષ ડૉ.ચંદ્રકાન્ત ગોહેલ તથા સંસ્કૃત વિભાગના અધ્યક્ષ ડૉ. વિમળા ચૌધરીએ પણ વિદ્યાર્થીઓને સંબોધિત કર્યા હતા. સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ ગઢડાના સંયોજક નરેશ ચૌહાણે યુવા બોર્ડ દ્વારા ચાલતી પ્રવૃત્તિઓ વિદ્યાર્થીઓ સમક્ષ રજુ કરી હતી.

# રજીસ્ટ્રાર કાનજી ખેરે ની ફરી એકવાર રાજકોટ વાળી મળતીયા ઓની પસંદગી કરાઇ

ગુજરાત ટેક્નોલોજિકલ યુનિવર્સિટીએ તાજેતરમાં જ કરેલ ભરતી પ્રક્રિયા વિવાદોથી ઘેરાયેલી જોવા મળી છે. નજીકના અરજદારોની ભરતી કરવાનું સત્તાધીશો એ મન બનાવી લીધું હોય તેમ જોવા મળ્યું છે. જેને લઇને ભરતી પ્રક્રિયાની પારદર્શિતા સામે પ્રશ્નો ઉપસ્થિત થયા છે. સ્પોર્ટ્સ કોચ, નાયબ રજીસ્ટ્રાર, આસિસ્ટન્ટ પ્રોફેસર, એકેડેમી ઓફિસર જેવા પદોની ભરતીના પરિણામોની તાજેતર જ જાહેર કરાયા છે. પરંતુ મેરિટ, કટઓફ માર્કસ તથા અનામતનો છેદ ઉડાડી દીધો છે. પરીક્ષા પદ્ધતિના

માપદંડ જેવી આવશ્યક વિગતો વિના જ પરિણામો જાહેર કરવામાં આવતા નિષ્પક્ષતા રહેલી નથી. સામાન્ય રીતે રાજ્યની અન્ય યુનિવર્સિટીઓ અને સરકારી સંસ્થાઓ દ્વારા પરિણામો જાહેર કરવામાં અનામત તેમજ કટ ઓફ જાહેર કરવામાં આવે છે. પણ જીટીયુના સત્તાધીશો કાયદાથી પર હોય તેમ છાશવારે નિયમોનું ઉલ્લંઘન કરતાં નજરે પડે છે.ભરતીમાં પહેલાંથી જ કાનજી ખેરે તેમના જીહજૂરીયા અને મળતીયા એવાં આકાશ ગોહિલનું નામ સ્પોર્ટ્સ કોચ તરીકે નક્કી કરી દીધું છે. આકાશ ગોહિલ ભૂતપૂર્વ બોર્ડ મેમ્બરને જીટીયુ ખાતે વિશિષ્ટ સેવા આપવા માટે જાણીતા છે. ઉપરાંત કાનજી ખેરના પણ રાજકોટની સ્કૂલમાં વહિવટદાર તરીકે કાર્યરત રહે છે. જેથી કરીને કાનજી ખેરે ભરતી પ્રક્રિયાના નિયમો નેવે મૂકીને નિમણૂક આપવાનો પેંતરો રચ્યો છે.




આકાશ ગોહિલ સિવાય સોનિયા જૈનની પણ પસંદગી થવાની પૂરેપૂરી સંભાવના છે. પરિણામ જાહેર કરાયું છે પરંતુ કોઈ પણ ઉમેદવારના નામ જાહેર કરવામાં આવ્યા નથી. તેના બદલે, ફક્ત સીટ નંબર અને એપ્લિકેશન નંબરો જ જાહેર કર્યા છે . જેથી સત્તાધીશોના અંગત જીહજૂરીઓની નિમણૂક થઈ જશે તેવું જીટીયુના સ્ટાફ અને ઉમેદવારોમાં ચર્ચાઈ રહ્યું છે. સ્પષ્ટ મેરિટ અથવા આરક્ષણ ડેટાની ગેરહાજરી એવી અટકળોને વેગ આપે છે કે પસંદગી પૂર્વનિર્ધારિત છે.જીટીયુનો સ્ટાફ અને સંકળાયેલા હોદ્દેદારો પાસેથી મળતી માહિતી મુજબ, રજિસ્ટ્રાર કાનજીએ ભરતી પ્રક્રિયામાં ગોલમાલ કરીને અંગત હિત સાચવ્યું છે. સૂત્રોનો જણાવ્યા અનુસાર, ખેરે ઈરાદાપૂર્વક આકાશ ગોહિલ સહિત અન્ય જીહજૂરીઓની ફોજ ખડી કરવા તેમના આજ્ઞાકારી ઉમેદવારોની પસંદગી કરવાનો તખ્તો ઘડી દીધો છે. પરિણામોની જાહેરાત થાય તે પહેલા જ આકાશ , સોનિયા જૈન સહિતના કર્મચારીઓના નામ ચર્ચાઈ રહ્યાં હતાં જે હવે પરિણામમાં પણ જોવા મળ્યાં છે. જેથી નામ અંગે કરવામાં આવેલી આગાહીઓ સાચી પડતી હોય તેમ લાગી રહ્યું છે. આ ક્રિયાઓએ પક્ષપાત અને સગાવાદના આક્ષેપોને વેગ આપ્યો છે. જે યુનિવર્સિટીની ભરતી પ્રથામાં વિશ્વાસને નબળો પાડે છે.જાહેર કરવાના થતાં માર્કસ, કટઓફ સ્કોર્સ અને આરક્ષણ ક્વોટા, સહિત પસંદગીના માપદંડોનું વિગતવાર પરિણામ ફરીથી જાહેર કરવા માટે ઉમેદવારોએ માંગ કરી છે.

# અમેરીકાના કેલિફોર્નિયા-નોર્વોક સ્થિત નોર્વોક એડલ્ટ ડે હેલ્થકેર સેન્ટર ADHC ખાતે ગણેશૌત્સવ ની ઉજવણી

અત્રેના એડલ્ટ ડે હેલ્થકેર સેન્ટરમાં લગભગ ૧૫૦ જેટલા સિનિયર નાગરિકો આવતા હોય છે. તેઓ સૌ ને સવારે પ્રાથના કરાવવામાં આવે છે અને દરેક વાર-તહેવાર ની ઉજવણી પણ કરવામાં આવે છે.... એજ પ્રમાણે તારીખ ૭મી સપ્ટેમ્બરે ગણેશ ચતુર્થી ના પવિત્ર દિવસે ગણેશજી ની મુર્તિની વિધી વિધાન મુજબ રંગે-ચંગે સ્થાપના કરવામાં આવી હતી.... દર-રોજ જુદાજુદા પ્રસાદ ધરાવીને આરતી કરવામાં આવે છે.... તારીખ ૧૧ મી સપ્ટેમ્બર ના રોજ શ્રી સત્યનારાયણ દેવની કથાનું આયોજન રાખવામાં આવ્યું હતો અને હાજર સૌ સભ્યોએ ભક્તિભાવ પુર્વક આ કથાનો લાભ લીધો હતો અને પ્રસાદ આરોગી પાવન થયા હતા... જ્યારે આજે ૧૨ મી સપ્ટેબરના દિવસે સખી ભજન મંડળનો ભજન નો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો, જેમાં કુમુદબેન,કલ્પનાબેન સુધાબેન અને સંગીતાબેને સુંદર ભજનો રજુ કર્યા હતા આ ભજન કાર્યક્રમના સ્પોન્સરર સ્વ.ભગવાનભાઈ પટેલ ફેમિલી હતું.

( માહિતી અને તસ્વિર :- કાન્તિભાઈ મિસ્ત્રી,કેલિફોર્નિયા )

# ઊના શહેર મા વિવિધ માર્ગો ઉપર પોલીસે ફૂટ પેટ્રોલીંગ કરી ફ્લેગ માર્ચ યોજી તહેવારોમાં શાંતિ જાળવવા અપીલ





હાલ માં ગણેશ ઉત્સવ ચાલી રહ્યો છે. અને આગમી દિવસો માં ઈદ નો તહેવાર પણ આવતો હોય ગીર સોમનાથ જિલ્લા ના પોલીસ અધિક્ષક ની સૂચના થી ઊના ના પોલીસ ઈન્સ્પેકટર રાણા અને પોલીસ સ્ટાફે ઊના શહેર ના વિવિધ સંવેદનશીલ વિસ્તારોમાં શહેર ના મુખ્ય માર્ગો ઉપર અને ગણેશ ઉત્સવ ના પંડાલો ની મુલાકાત લઈ ફૂટ પેટ્રોલીંગ કરી ફ્લેગ માર્ચ યોજી લોકો ને ભાઈ ચાર થી તહેવારો ઉજવવા, શાંતિ જાળવવા અપીલ કરી હતી.

# વિશ્વ ઓઝોન દિવસ અંતર્ગત સેક્ટર:૨૧ ખાતે જનજાગૃતિ કાર્યક્રમ યોજાશે

નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર તથા ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ પ્રાદેશિક કચેરી ગાંધીનગર તથા ગાંધીનગર મહાનગર પાલિકા અને સ્વૈચ્છિક સંસ્થાઓના સંયુક્ત ઉપક્રમે વિશ્વ ઓઝોન દિવસ અંતર્ગત તારીખ: ૧૫ /૯ /૨૦૨૪ ને રવિવારના રોજ સેક્ટર: ૨૧ ખાતે આવેલ શાકમાર્કેટ ખાતે એક જન જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં રાજકોટના ખૂબ જ જાણીતા સામાજિક અને સેવાભાવી જાગૃત નાગરિક એવા કાંતિભાઈ ભૂત ખાસ ઉપસ્થિત રહેવાના છે. કાંતિભાઈ રાજકોટમાં પર્યાવરણ જાગૃતિ અંગે સુંદર કામગીરી કરે છે. તેઓ જાતે જ કાપડની થેલીઓ બનાવીને શાક માર્કેટમાં જઈ ને પ્લાસ્ટિકની થેલી ન વાપરે તેવી પ્રતિજ્ઞા લે તેને કાપડની થેલી મફત આપવાનું સેવા કાર્ય કરેછે. દર અઠવાડિયે જુદા જુદા વિસ્તારોમાં જવાનું, બસમાં બેસીને લોકો ને જાગૃત કરવાનું ઉમદા કાર્ય તેઓ કરી રહ્યા છે ત્યારે તેમનીઆગેવાની નીચે સેક્ટર ૨૧ ખાતે આવેલ શાકમાર્કેટમાં પ્લાસ્ટિકની થેલીના ઉપયોગના બદલે કાપડની થેલી ના ઉપયોગ અંગે જનજાગૃતિ કેળવવામાં આવશે. લોકો પ્લાસ્ટિકની બેગ બા બદલે કાપડ માંથી બનાવેલી થેલીઓનો ઉપયોગ કરે તે માટે ગાંધીનગર મહાનગર પાલિકાના સહયોગથી મફતમાં કાપડની થેલીઓ આપવામાં આવશે.

વિશ્વ ઓઝોન દિવસની ઉજવણીના ભાગરૂપે ઓઝોન પડને નુકસાન કરતા રસાયણો અંગે લોકોને સમજ આપવામાં આવશે તથા આવા



રસાયણો લોકો નવા વાપરે તે માટે અને પર્યાવરણની જાળવણીમાં તેમનું યોગદાન આપે તે મતેવ જાહેરમાં પ્રતિજ્ઞા લેવડાવાના કાર્યક્રમનું પણ આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં જોડાવા ઈચ્છતી એનજીઓ તથા સિનિયર સિટીઝન મિત્રો નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર ગાંધીનગર નો સંપર્ક કરે. ગાંધીનગરને ક્લીન, ગ્રીન અને રળિયામણું રાખવા માટે સૌ નાગરિકો આ અભિયાનમાં જોડાય એવી નિસર્ગ સાયન્સ સેન્ટરના સંચાલક ડોક્ટર અનિલભાઈ પટેલે ખાસ અપીલ કરી છે.

# ગઢડા પોલીસ દ્વારા આગામી ઈદ-એ-મિલાદ તહેવાર અનુલક્ષી મહોલ્લા મીટીંગનું આયોજન

ભાવેશ પરમાર (બોટાદ)

**આગામી તારીખ ૧૬નાં રોજ યોજાનાર ઈદ-એ-મિલાદ નિમિતે શહેરનાં રાજમાર્ગો પર નીકળનારા જુલુસમાં કોમી એખલાસનું વાતાવરણ જળવાઈ રહે અને શહેરમાં ભાઈચારાની ભાવના સાથે જુલુસ યોજાય તે માટે મુસ્લિમ સમાજ ના અગ્રણી ઈરફાનભાઈ ખીમાણીને સાથે રાખી મુસ્લિમ યુવાનો સાથે ગઢડા પોલીસ મથકનાં ઁ.. શ્રી પંડિત સાહેબ દ્વારા એક મહોલ્લા બેઠકનું આયોજન ઈરફાનભાઈ ખીમાણીના નિવાસ્થાને કરવામાં આવેલ આ બેઠકમાં અનેક મુસ્લિમ યુવાનો હાજર રહી આગામી તહેવાર શાંતિપૂર્ણ માહોલમાં કોમી એખલાસ ભર્યા વાતાવરણમાં યોજાશે તેવી ખાતરી આપેલ.**

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.